કેસ રજુ તા.:૧૧/૦૩/૨૦૧૫.
કેસ દાખલ તા.:૧૧/૦૩/૨૦૧૫.
કેસ ફેંસલ તા.:૨૧/૦૪/૨૦૨૬.
અવધિ. :–વર્ષ. માસ. દિવસ.
૧૧ ૦૧ ૧૦

***મે. એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.***

**ફોજદારી કેસ નં.–૩૯૧/૨૦૧૫.**

આંક–૫૪

સરકારશ્રી.
(અલંગ પો.સ્ટે., 1, ગુ.ર., નં.–૫૫/૨૦૧૪).

*.....ફરિયાદી.*

**વિરૂધ્ધ**

મનજી ઉર્ફે મનુભાઇ રૂપાભાઇ ચૌહાણ.
ઉ.વ.આ.–૫૦, ધંધો–ખેતી/મજુરી,
રહે. મણાર, પાવલીયા વિસ્તાર,
તા.તળાજા, જિ.ભાવનગર.

*.....આરોપી.*

*ગુન્હો :–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયે.....*

---

*સરકાર તરફે :–વિ. એ.પી.પી.શ્રી એચ.બી.યોગી.*
*આરોપી તરફે :–વિ.વ.શ્રી બી.કે.પાઠક.*

---

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપીએ અગાઉ ફરીયાદી/ભોગ બનનારની વાડીમાં પપૈયા તથા બળતણની ચોરી કરેલ, જે બાબતે ફરીયાદીએ ઠપકો આપેલ, તેની અદાવત રાખી, ગઇ તા.૫/૧૨/૨૦૧૪ના રોજ કલાક:૧૩/૩૦ વાગ્યે, તળાજા તાલુકાના મણાર ગામે, ફરીયાદીની વાડીના ઝાંપા પાસે, આ કામના ફરીયાદી પોતાનું ટ્રેકટર લઇને આવતા હતા ત્યારે, આરોપીએ

કુવાડીના બે ઘા ફરીયાદીના પગના ભાગે મારી, જમણા પગે ફ્રેકચર કરી, ગંભીર ઈજા કરી, મુંઢ ઈજા કરી, જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરના હથિયાર–બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કર્યાની ફરીયાદ ફરિયાદીએ અલંગ પો.સ્ટે.માં નોંધાવતા, 1, ગુ.ર., નં.–૫૫/૨૦૧૪થી ગુન્હો દાખલ કરી, ત.ક.અ.શ્રી ધ્વારા તપાસના અંતે, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ પૂરતો પુરાવો મળી આવતા, અત્રેની અદાલતમાં ચાજશીટ રજુ કરતા, તેને ફોજદારી કેસ રજિસ્ટરે ફોજદારી કેસ નં.–૩૯૧/૨૦૧૫ આપવામાં આવેલ.

(૨) આ કામના આરોપી સામે ચાજશીટ રજુ થતા, આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ અને તે સમન્સ આરોપીને બજી જતા, આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ. તે બાદ, સી.આર.પી.સી. કલમ–૨૦૭ મુજબ આરોપીને સી.આર.પી.સી. કલમ –૧૭૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાતરી કયા બાદ, સી.આર.પી.સી. કલમ–૨૪૦(૧) મુજબ આરોપી ઉપર આંક–૬થી ઉપરોકત ગુન્હાનું તહોમતનામુ ફરમાવેલ અને સદર તહોમતનામુ આરોપીને વાંચી–સંભળાવી, તે અંગે આરોપીની આંક–૭થી પ્લી રેકર્ડ કરતા, તેમણે ગુન્હો કબૂલ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરતા, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે :–

| ક્રમ. | –: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | ફરિયાદી અશોકભાઈ તુલસીભાઈની જુબાની. | ૧૫. |
| ૦૨. | ફરિયાદની ખરીનકલ. | ૧૬. |
| ૦૩. | સાહેદ જીવણભાઈ પરસોત્તમભાઈની જુબાની. | ૧૭. |
| ૦૪. | સાહેદ અરવિંદભાઈ તુલસીભાઈની જુબાની. | ૧૮. |
| ૦૫. | સાહેદ બટુકભાઈ ગોરધનભાઈ બાથાણીની જુબાની. | ૧૯. |

| | | |
|---|---|---|
| ૦૬. | સાહેદ મધુબેન અશોકભાઇ બાથાણીની જુબાની. | ૨૦. |
| ૦૭. | સાહેદ મમતાબેન અરવિંદભાઇ બાથાણીની જુબાની. | ૨૪. |
| ૦૮. | સાહેદ ડો.નરેશ ગુરલમલ બાલાણીની જુબાની. | ૨૮. |
| ૦૯. | ફરીયાદીના ઇન્ડોર કેસ–પેપર્સ. | ૨૯. |
| ૧૦. | ફરીયાદીની એક્સ–રે ફિલ્મ્સ. | ૩૦. |
| ૧૧. | ફરીયાદીના સારવાર સર્ટી.ની ખરીનકલ. | ૩૧. |
| ૧૨. | ત.ક.અ. નિવૃત્ત પી.એસ.આઇ. મેઘાભાઇ સોમાભાઇ રેણુકાની જુબાની. | ૩૫. |
| ૧૩. | ભોગ બનનારનું નિવેદન લેવાની યાદી. | ૩૬. |
| ૧૪. | અલંગ પો.સ્ટે. તરફ મોકલેલ લેખિત હુકમ સાથેની યાદી. | ૩૭. |
| ૧૫. | તપાસ સોંપ્યાના હુકમની યાદી. | ૩૮. |
| ૧૬. | મુદ્દામાલ રીકવરી પંચનામાની ખરીનકલ. | ૩૯. |
| ૧૭. | જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેર નામાની ખરીનકલ. | ૪૦. |
| ૧૮. | પંચસાહેદ અરજણભાઇ ચોથાભાઇ ભરવાડની જુબાની. | ૪૭. |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેમની સામે પડેલ પુરાવાનો ઇન્કાર કરી, તેઓ ગરીબ–સ્થતિના અને મજુર–વર્ગના માણસ છે અને ફરીયાદીને તેમની સાથે પહેલેથી વાંધો હોઇ, તેમણે કોઇ માર મારેલ ન હોવા છતાં, તેમની સામે રાગ–દ્વેષ રાખી, ખોટી રીતે સંડોવી દીધેલ છે અને તેઓ ઉંમરલાયક અને બિમાર છે તેમજ કુટુંબની જવાબદારી તેમના ઉપર હોવાથી તેમના પર રહેમ–દયા રાખવા વિનંતી કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એચ.બી.યોગી તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી બી.કે.પાઠકની દલીલો સાંભળી.

(૫.૧) વિ. એ.પી.પી.શ્રી યોગીએ દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષ ધ્વારા તપાસેલ ફરીયાદી સહિતના સાહેદો, પંચસાહેદ, ડોકટર સાહેદ તેમજ ત.ક.અ.ના પુરાવાથી ફરીયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થાય છે. આંક–૧૫થી ફરીયાદીને તપાસેલા છે. ફરીયાદી બનાવની મહત્વની હકીકતોને સમર્થન કરે છે. વિરોધાભાસથી નુકસાન થતુ નથી. ઉલટતપાસમાં બે ઘા ચાલુ ટ્રેકટરે મારેલાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો નહીં માનવાને કોઈ કારણ નથી. આંક–૧૭થી તપાસેલ સાહેદ ફરીયાદીને થયેલ ઈજાનું સમર્થન કરે છે. આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનું જણાવે છે. આંક–૨૦ના સાહેદને આરોપીનું પુરૂ નામ યાદ નથી. બનાવ સમયે સાહેદ હાજર હોઈ, ઈજાનું સ્થળ તથા આરોપીને ઓળખી બતાવે તેવુ જણાવે છે. આંક–૨૪ના સાહેદ બનાવની હકીકતોનું સમર્થન કરે છે. આંક–૨૮થી ડો.સાહેદ ફરીયાદી બનાવના દિવસે સારવાર માટે તેમની પાસે આવેલાનું જણાવે છે. આંક–૩૫થી ત.ક.અ. તપાસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપે છે. જયારે, પંચ પંચનામાની વિગતોને સમર્થન આપે છે. આ કામના આરોપીએ અગાઉ ફરીયાદી/ભોગ બનનારની વાડીમાં પપૈયા તથા બળતણની ચોરી કરેલ, જે બાબતે ફરીયાદીએ ઠપકો આપતા, તેની અદાવત રાખી, હાલનો બનાવ બનેલ છે. આરોપીએ કુહાડી જેવા પ્રાણઘાતક હથિયાર વડે ફરીયાદીને ઈજા કરેલ છે. આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરતા હોઇ, આરોપી સામેના ગુનાની ગંભીરતા તેમજ સજાની જોગવાઇને ધ્યાને રાખી, આરોપીને મહત્તમ સજા કરવા માંગણી કરેલ છે.

(૫.૨) જયારે, આરોપી તરફે વિ.વ.શ્રી પાઠકનાએ તેમની દલીલમાં જણાવેલ છે કે, બનાવમાં ઈજા પામનાર ફરીયાદી સહિતના સાહેદોના પુરાવા તેમજ ફરીયાદી તથા સાહેદની ડોકટર સમક્ષની હિસ્ટ્રીમાં બનાવની હકીકતો પરત્વે ઘણો જ વિરોધાભાસ રેકર્ડ ઉપર છે. ફરીયાદી તળાજાથી ભાવનગર વચ્ચે આવતા દવાખાને સારવાર માટે ગયેલા નથી. હાલનો બનાવ અગાઉની

અદાવતના કારણે બનવા પામેલ છે. આંક–૧૮ તથા આંક–૧૯ના સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલા છે. આંક–૨૦ના સાહેદ તેમના પુરાવામાં અગાઉનું મનદુ:ખ પુરવાર કરે છે. આંક–૨૪ના સાહેદ બનાવ વખતે તેણી ટ્રેકટરમાં પાછળ બેસેલ હોવાથી શું બનેલ, તે જોઇ શકે નહીં તેમ જણાવેલ છે. સાહેદ મનજીભાઇ(આરોપી)ને ઓળખતા નથી. ડો.સાહેદના પુરાવામાં ફરીયાદીએ કુહાડી જણાવેલ નહીં, પરંતુ ફ્રેકચર જણાવેલ હતુ જેથી, સદર કામે આઇ.પી. સી. કલમ–૩૨૫ લાગુ પડતી નથી. ફરીયાદી ડો.શ્રી પાસે પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા. ફરીયાદીએ હિસ્ટ્રીમાં ઈજા કરનારના નામ જણાવેલ નથી. આરોપીને ખોટી રીતે હાલના ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. આઇ.ઓ.ના પુરાવામાં બનાવ નજરે જોનારનું નિવેદન લીધેલ નથી. વળી, મુદ્દામાલ રીકવરી પંચનામાના એકમાત્ર પંચ પંચનામાની વિગતોને સમર્થન કરતા નથી. આમ, સદર કામે રેકર્ડ પર આરોપી સામે પૂરતો પુરાવો આવતો ના હોઇ, આરોપીને નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાની વિનંતી કરેલ છે.

(૬) સદર કેસની ઉપરોકત હકીકતો અને સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો, સંલગ્ન કાયદાની જોગવાઇ તેમજ ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લેતા, કેસના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

**<u>–: મુદ્દા :–</u>**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ અગાઉ ફરીયાદી/ભોગ બનનારની વાડીમાં પપૈયા તથા બળતણની ચોરી કરેલ, જે બાબતે ફરીયાદીએ ઠપકો આપેલ, તેની અદાવત રાખી, બનાવ સમયે અને સ્થળે, આ કામના ફરીયાદી પોતાનું ટ્રેકટર લઇને આવતા હતા ત્યારે, આરોપીએ કુવાડીના બે ઘા ફરીયાદીના પગના ભાગે મારી, જમણા પગે ફ્રેકચર કરી, ગંભીર ઈજા કરી, મુંઢ ઈજા કરી, જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધી ના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨) તથા જી.પી.

એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૮) ***મુદ્દા નંબર–૧ તથા ૨ અંગે :–***

સદર કામે આંક-૧૫થી ફરીયાદી અશોકભાઇ તુલસીભાઇની જુબાની રેકર્ડ થયેલ છે. આંક-૧૬થી ફરીયાદ રજુ છે. ફરીયાદી તેમની સરતપાસમાં બનાવની વિગતોને સમર્થનકારક પુરાવો આપે છે. વધુમાં, ફરીયાદી જણાવે છે કે, **આરોપીએ તેમની પાસે આવીને કુહાડીનો ઘા જમણા પગે નળા ઉપર કરેલો જેથી, તેઓને લોહી નીકળેલુ અને બીજો ઘા ડાબા પગની પીંડી ઉપર ઉંધી કુહાડીથી કરેલો તે વખતે, તેમના કાકા જીવણભાઇ ત્યાં આવી ગયેલા ત્યારે, આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી.** જે સંદર્ભે આંક-૧૭થી ફરીયાદીના કાકા જીવણભાઇનો પુરાવો જોવામાં આવે તો, તેઓ જણાવે છે કે **કુહાડીનો એક ઘા ચાલુ ટ્રેકટરે મારેલ અને બીજો ઘા ટ્રેકટર ઉભુ રાખીને મારેલ. વધુમાં, ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકાર્યા મુજબ તેઓને બે ઘા ચાલુ ટ્રેકટરમાં મારેલા, પરંતુ તેમણે તેમની ફરીયાદમાં ચાલુ ટ્રેકટરે ઘા મારેલા તેવુ લખાવેલ નથી.** આમ, આરોપીએ ખરેખર ફરીયાદીને ચાલુ ટ્રેકટરે કુહાડીના ઘા મારેલા કે, ટ્રેકટર ઉભુ રખાવ્યા બાદ મારેલા ? તે બાબતે ફરીયાદી તથા સાહેદના પુરાવામાં ખૂબ જ મોટો વિરોધાભાસ છે. વધુમાં, **સાહેદ જીવણભાઇ બનાવ સમયે આઘા(દૂર) હતા અને બનાવ બન્યો અને તેઓ પહોંચ્યા ત્યારે, મનજીભાઇ(આરોપી) ત્યાંથી ચાલ્યા ગયા હતા.** આ સંજોગોમાં, સાહેદ જીવણભાઇને આરોપીએ ફરીયાદીને જાનથી મારી

<u>નાંખવાની ધમકીની જાણ હોવા બાબતે ફરીયાદ પક્ષનો કેસ ખૂબ જ શંકામાં જાય છે</u>.

(૮.૧) વધુમાં, <u>ફરીયાદી તેમની સરતપાસમાં જણાવે છે કે</u>**<u>, બનાવને હાલ ઘણો સમય થયેલ હોઇ, તેઓને આરોપીએ જે કુહાડી મારેલ હતી, તે બતાવવામાં આવે તો, ચોકકસપણે ઓળખી શકે નહીં</u>**. <u>આમ, ફરીયાદી મુદામાલ ઓળખી બતાવતા નથી, જે બાબત ફરીયાદ પક્ષના કેસને શંકામાં લઇ જાય છે</u>.

(૮.૨) ફરીયાદી તેમની આરોપી તરફેની ઉલટતપાસમાં એવી હકીકતો સ્પષ્ટ જણાવે છે કે, **<u>આરોપીના ભાઇને છરી માર્યા અંગેનો તેમની ઉપર કેસ થયેલો અને હાલના બનાવ બાદ બીજો કોઇ બનાવ આરોપી સાથે બનેલ નથી તેમજ તેઓ બનાવમાં વાગવાથી સરકારી દવાખાને ગયેલ હોય તેવુ બનેલ નથી.</u>** <u>આમ, જો ખરેખર આરોપીએ ફરીયાદીને કુહાડી વડે લોહીયાળ ઈજા અને ફ્રેકચર કરેલ હોત તો, તેઓ અવશ્ય સરકારી દવાખાને સારવાર લેવા ગયા હોત !, પરંતુ ફરીયાદીએ તેમ કરેલ નથી, જે ખૂબ જ શંકા ઉપજાવે છે. વધુમાં, આરોપીના ભાઇને છરી માર્યા અંગેનો કેસ ફરીયાદી ઉપર થયેલ હોવાથી આરોપી ઉપર દબાણ લાવવા સારૂ ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ હોવાની સંભાવના નકારી શકાય નહીં.</u>

(૯) ફરીયાદ પક્ષે આંક–૧૭થી સાહેદ જીવણભાઇ પરસોત્તમભાઇ ની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. સદર સાહેદ બનાવ વખતે બનાવ સ્થળે આવી પહોંચેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે, તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, <u>બનાવ વખતે તેઓ ફરીયાદીના ટ્રેકટર પાછળ મો.સા. લઇને જતા હતા, પરંતુ તેઓ બનાવ સ્થળે પહોંચ્યા તો, મનુ રૂપાભાઇ(આરોપી) જાનથી મારી નાંખવાની ધમકી આપી, જતા રહેલા.</u> વધુમાં, સાહેદ જણાવે છે કે, **<u>આરોપી મનુભાઇ રૂપાભાઇ(આરોપી)ના ભાઇ ધીરૂભાઇ સાથે વાડીમાંથી બળતણ લઇ જતા હોઇ, તકરાર ચાલતી હતી તેની દાઝે, તેના ભાઇ મનુ</u>**

**રૂપાએ આવુ પગલુ ભરેલુ**, પરંતુ આરોપી તરફેની ઉલટતપાસ જોતા, તેમાં તેઓ સ્પષ્ટ સ્વીકારે છે કે, **ધીરૂભાઇ(આરોપીના ભાઇ)એ તેમના ભાઇ (ફરીયાદી) સામે છરી માર્યાનો કેસ કરેલ છે અને બળતણ લઇ જતા હોય તે અંગે ચોરીની ફરીયાદ કરેલ નથી**. વધુમાં, આ સાહેદ તેમની ઉલટતપાસમાં એવી હકીકતો પણ સ્વીકારે છે કે, **ફરીયાદી તેમનો સગો ભત્રીજો થાય છે અને બનાવ સમયે આઘા(દૂર) હતા અને બનાવ બન્યો અને તેઓ પહોંચ્યા ત્યારે, મનજીભાઇ(આરોપી) ત્યાંથી ચાલ્યા ગયા હતા.** આ સંજોગોમાં, સદર સાહેદ બનાવ વખતે ફરીયાદીના ટ્રેકટર પાછળ હતા કે, સાથે હતા ? તે હકીકત શંકાસ્પદ છે. જેથી, સાહેદને કહેવાતા બનાવ બાબતે કોઇ માહિતી હોય તેવુ તેમના પરસ્પર વિરોધાભાસી કથનોથી રેકર્ડ પર પુરવાર થતુ નથી અને તેથી, આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને ઉપયોગી પુરવાર થઇ શકતો નથી.

(૧૦) સદર કામે આંક–૧૮થી સાહેદ અરવિંદભાઇ તુલસીભાઇની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેઓ એવી હકીકતો જણાવે છે કે, **બનાવ સમયે તેઓ તેમના ઘરે મણાર ગામે હતા અને બનાવની જાણ તેઓને જીવણભાઇના ફોન થકી થયેલી, પરંતુ બનાવમાં શું બનેલ ? તે તેઓને જાણવા મળેલ નહીં. એ વાત ખરી છે કે, મનજીભાઇ(આરોપી)ના ભાઇએ અશોકભાઇ(ફરીયાદી) વિરૂધ્ધ છરી મારવાનો કેસ કરેલ, તે હકીકત હું જાણુ છું તેમજ અશોકભાઇને ત્રાપજ સરકારી દવાખાને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી**. આમ, સદર સાહેદે બનાવની મહત્વની હકીકતોને સમર્થન આપેલ ના હોઇ, તેઓને **ફરી ગયેલા** જાહેર કરેલા છે. વધુમાં, કહેવાતા બનાવમાં ફરીયાદીને ખૂબ જ ગંભીર ઇજા થયેલ હતી તો, શા માટે તેઓને ત્રાપજ સરકારી દવાખાને લઇ જવામાં આવેલ નહીં ? તે બાબત ફરીયાદ પક્ષના કેસને ખૂબ જ મજબૂત રીતે શંકામાં લઇ જાય છે.

(૧૧) તે બાદ, આંક–૧૯થી ફરીયાદીને સારવાર માટે ભાવનગર ખાતે લઇ જનાર સાહેદ બટુકભાઇ ગોરધનભાઇ બાથાણીને સોગંદ ઉપર

તપાસેલા છે. આ સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, **બનાવ સમયે તેઓ તેમના ઘરે મણાર ગામે હતા ત્યારે, જીવણભાઇનો ફોન આવેલો, પરંતુ બનાવમાં શું બનેલ ? તે તેઓને જાણવા મળેલ નહીં. જયારે, આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ સ્પષ્ટ જણાવે છે કે, બનાવની જાણ તેઓને ફોનથી થયેલ હોઇ, બનાવ તેમણે નજરે જોયેલ નથી કે, કહેવાતા બનાવ સમયે તેઓ હાજર ન હતા તેમજ મનજીભાઇ(આરોપી)ના ભાઇએ અશોકભાઇ(ફરીયાદી) વિરૂધ્ધ છરી મારવાનો કેસ કરેલ, તે હકીકત હું જાણુ છું. એ વાત ખરી છે કે, અમો સરકારી દવાખાને સારવાર માટે ગયેલ નથી અને અશોકભાઇ (ફરીયાદી)ને ત્રાપજ સરકારી દવાખાને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી.** આમ, સદર સાહેદ પણ બનાવની મહત્વની હકીકતોને સમર્થન આપતા ના હોઇ, તેઓને **ફરી ગયેલા** જાહેર કરેલા છે. જેના પરથી, કહેવાતા બનાવમાં ફરીયાદીને ખૂબ જ ગંભીર ઈજા થયેલ હતી તો, શા માટે તેઓને ત્રાપજ સરકારી દવાખાને લઇ જવામાં આવેલ નહીં ? તે બાબત ફરીયાદ પક્ષના કેસને ખૂબ જ મજબૂત રીતે શંકામાં લઇ જાય છે.

**(૧૨)** ફરીયાદ પક્ષે આંક–૨૦થી ફરીયાદીના પત્ની અને બનાવ વખતે ફરીયાદીના ટ્રેકટરમાં પાછળ બેસેલ સાહેદ મધુબેન અશોકભાઇ બાથાણીને સોગંદ ઉપર તપાસેલા છે. વધુમાં, સાહેદ જણાવે છે કે, **બનાવના દિવસે તેણી તથા તેણીની દેરાણી તેમજ તેણીના પતિ અશોકભાઇ તેમના ખેતરે નિરણ લેવા ગયેલા હતા અને તેઓ તેમના ટ્રેકટરમાં નિરણ નાંખતા હતા**. જે સંદર્ભે સાહેદની આરોપી તરફે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, **બનાવ ચાલુ ટ્રેકટરે બનેલો. સદર હકીકત સંદર્ભે ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકાર્યા મુજબ તેઓને બે ઘા ચાલુ ટ્રેકટરમાં મારેલા, પરંતુ તેમણે તેમની ફરીયાદમાં ચાલુ ટ્રેકટરે ઘા મારેલા તેવુ લખાવેલ નથી તેવી સ્પષ્ટ હકીકત રેકર્ડ પર છે**. આમ, ખરેખર બનાવ ચાલુ ટ્રેકટરે બનેલો કે, સાહેદ તથા ફરીયાદી તેમના ટ્રેકટરમાં નિરણ નાંખતા હતા ત્યારે, એટલે કે ટ્રેકટર ઉભુ હતુ ત્યારે બનેલો ?, તે બાબતે પરસ્પર વિરોધાભાસી હકીકતો રેકર્ડ પર આવતી હોઇ, ફરીયાદ પક્ષનો કેસ ખૂબ જ શંકામાં જાય છે.

(૧૨.૧) સાહેદ તેમની સરતપાસમાં એવી હકીકત પણ જણાવે છે કે, **બનાવની ફરીયાદ તેમના કાકાજીએ આપી હશે, પરંતુ બનાવની ફરીયાદ ફરીયાદીએ આપેલાનું રેકર્ડ પરથી સ્પષ્ટ છે, જે ખૂબ જ વિરોધાભાસી છે**. **એ વાતની મને ખબર છે કે, આરોપીના ભાઇ વિક્રમભાઇએ મારા પતિ(ફરીયાદી) વિરૂધ્ધમાં છરી મારેલાનો કેસ કરેલ છે અને હું પાછળ બેઠેલ હોઇ, મનજીભાઇ અને મારા પતિ વચ્ચે શું વાતચીત થયેલ હોય, તે મેં સાંભળેલ નહીં અને ટ્રેકટરનો અવાજ મોટો હોઇ, બે વ્યકિતની વાતચીત સાંભળી શકાય નહીં** તેવી હકીકતો સાહેદ ઉલટતપાસમાં સ્વીકારે છે. આમ, સાહેદના પતિ વિરૂધ્ધ આરોપીના ભાઇએ છરી મારેલાનો કેસ કરેલ હોઇ, તેના કારણે ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી સામે આપેલાનું અનુમાન કરી શકાય તેમ છે. **એ વાત ખરી છે કે, જીવણભાઇ આવેલા ત્યારે તેણીના પતિ(ફરીયાદી) બેભાન થઇ ગયેલા** તેવી હકીકત સાહેદની ઉલટતપાસમાં રેકર્ડ પર છે, પરંતુ તેવી કોઇ હકીકત ફરીયાદીના પુરાવા, ફરીયાદીની ફરીયાદ કે, ફરીયાદીને સારવાર આપનાર ડો. સમક્ષની ફરીયાદીની હિસ્ટ્રીમાં કોઇ પણ જગ્યાએ રેકર્ડ પર આવતી નથી અને તેથી, સદર સાહેદ તદન નવી જ હકીકત રેકર્ડ પર જણાવતા હોઇ, સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં.

(૧૩) તેવી જ રીતે, આંક–૨૪થી ફરીયાદીના ભાભી અને બનાવ વખતે ફરીયાદીના ટ્રેકટરમાં પાછળ બેસેલ સાહેદ મમતાબેન અરવિંદભાઇ બાથાણીને સોગંદ ઉપર તપાસેલા છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તેણીને **બનાવની તારીખ યાદ નથી, પરંતુ બનાવના દિવસે તેઓ તેમના ખેતરેથી ટ્રેકટર લઇને નીકળેલા અને ઘરે આવતા હતા, જે ટ્રેકટરમાં તેણી, તેણીના જેઠાણી મધુબેન તથા તેણીના જેઠ અશોકભાઇ(ફરીયાદી) હતા અને તેઓ ટ્રેકટર ચલાવતા હતા અને સામેથી મનુભાઇએ કુહાડીનો ઘા તેમના જેઠ અશોકભાઇના પગ ઉપર કરેલો જેથી, અશોકભાઇને ફ્રેકચર થયેલુ, પરંતુ આરોપીએ તેણીના જેઠ ઉપર કુહાડીનો ઘા કેમ કરેલ, તેની તેણીને ખબર નથી તેમજ તેણીના જેઠ ઉપર કુહાડીનો ઘા કરેલ, તે વ્યક્તિને જોયેથી**

**<u>ઓળખી શકે જો, હાજર હોત તો</u>**. આમ, સાહેદ ખરેખર આરોપીને જોયેથી ઓળખી બતાવતા નથી.

(૧૩.૧) સાહેદ તેમની આરોપી તરફેની ઉલટતપાસમાં સ્પષ્ટ જણાવે છે કે, **<u>ટ્રેકટર ચાલતુ હોય અને તેણી પાછળ બેઠેલી હોઇ, આગળ શું બને ? તે તેણી જોઇ શકતી ન હતી અને મનજીભાઇ રૂપાભાઇ(આરોપી) મણાર ગામના છે, પરંતુ તેણી તેને ઓળખતી નથી</u>**. આ સજોગોમાં, બનાવ વખતે સાહેદના જેઠ એટલે કે, ફરીયાદીને જે ઇસમે કુહાડી વડે ઇજા પહોંચાડેલ, તે ઇસમ આ કામના આરોપી જ હતા તે બાબતે સાહેદ તેમની ઉલટતપાસમાં ખૂબ જ વિરોધાભાસી પુરાવો રજુ કરતા હોઇ, તેના પરથી આ કામના આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૪) સદર કામે ફરીયાદીને બનાવમાં થયેલ ઇજા અંગે સારવાર આપનાર સાહેદ ડો.નરેશ ગુરલમલ બાલાણીની જુબાની આંક–૨૮થી રેકર્ડ કરવામાં આવેલ છે. આંક–૨૯થી ફરીયાદીના ઇન્ડોર કેસ–પેપર્સ, આંક–૩૦થી ફરીયાદીની એકસ–રે ફિલ્મ્સ તેમજ આંક–૩૧થી ફરીયાદીનું સારવાર સર્ટી. રજુ છે. સદર ડો. સાહેદ તેમની સરતપાસમાં ફરીયાદીને થયેલ ઇજા અંગે આપેલ સારવારની હકીકતોને સમર્થનકારી પુરાવો આપે છે. વધુમાં, તેઓ સરતપાસમાં જણાવે છે કે,**''<u>તેમણે દર્દી(ફરીયાદી)ને ઇજા અંગે પુછતા, તેઓએ જણાવેલ કે, લાકડી વતી બન્ને પગે માર મારેલ છે</u>.''** જયારે, આરોપી તરફેની ઉલટતપાસમાં ડો.શ્રી સ્પષ્ટ સ્વીકારે છે કે, **<u>દર્દી(ફરીયાદી)એ ઇજા કરનારના નામ જણાવેલ નથી કે, તેમણે સર્ટી.માં એઇજ ઓફ ઇન્જરી જણાવેલી નથી</u>**. આમ, ફરીયાદીએ ખુદ પોતાની ડોકટર સમક્ષની હિસ્ટ્રીમાં બનાવ વખતે આ કામના આરોપીએ તેઓને કુહાડી વડે ગંભીર ઇજા કરેલાનું લેશમાત્ર જણાવેલ નથી અને તેથી, આ કામના આરોપીએ હાલનો ગુન આચરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થઇ શકતુ નથી.

**(૧૫)** ફરીયાદ પક્ષે આંક–૩૫થી આ કામના ત.ક.અ. નિવૃત્ત પી.એસ.આઇ. મેઘાભાઇ સોમાભાઇ રેણુકાની જુબાની રેકર્ડ થયેલ છે. આંક–૩૬થી ભોગ બનનારનું નિવેદન લેવાની યાદી, આંક–૩૭થી અલંગ પો.સ્ટે. તરફ મોકલેલ લેખિત હુકમ સાથેની યાદી, આંક–૩૮થી તપાસ સોંપ્યાના હુકમની યાદી, આંક–૩૯થી મુદ્દામાલ રીકવરી પંચનામુ તેમજ આંક–૪૦થી જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરનું હથિયારબંધીનું જાહેરનામુ રજુ થયેલ છે. સદર ત.ક.અ. તેમની સરતપાસમાં હાલની ફરીયાદ અન્વયે તેમણે કરેલ તપાસ અને ચાર્જશીટની કામગીરીને સમર્થનકારી પુરાવો આપેલ છે, જે સ્વાભાવિક છે, પરંતુ આરોપી તરફેની ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓ સ્પષ્ટ જણાવે છે કે, **જાહેરનામાની ઝેરોક્ષ ખરીનકલ રજુ કરેલ છે, અસલ જાહેરનામુ રજુ કરેલ નથી કે, આ કામે તેમણે ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલ નથી**. વધુમાં, **ત.ક.અ. તેમની ઉલટતપાસમાં એવી હકીકતોનો સ્પષ્ટપણે ઇન્કાર કરે છે કે, પંચનામા તેમણે તેમની જાતે તૈયાર કરી, પંચોની સહી લીધેલી અને તપાસને અનુરૂપ સાહેદોના નિવેદનો તેમની જાતે લખી લીધેલા તેમજ આ કામે કોઇ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી**. જે સંદર્ભે આ કામે આંક–૩૯થી મુદ્દામાલ રીકવરી પંચનામાના એકમાત્ર પંચ અરજણભાઇ તેમની આંક–૪૭થી રજુ સોગંદ ઉપરની જુબાનીમાં પોલીસ અધિકારીએ એક લખેલા કાગળ ઉપર તેમને સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી, પરંતુ કાગળમાં શું લખેલ હતુ ? તેની તેમને ખબર નથી કે, તેમની રૂબરૂમાં કોઇ વસ્તુ કબજે કરેલ હોય અથવા તો, કોઇ આરોપીની અટક કરેલ હોય તેમ બનેલ નથી તેવી સ્પષ્ટ હકીકતો જણાવેલ હોઇ, સદર ત.ક.અ.ની તપાસ અને ચાર્જશીટની કામગીરી નિ:શંક કે, ખામીરહીત જણાતી નથી અને તેથી, તેના ઉપર આધાર રાખી શકાય નહીં.

**(૧૬)** તે બાદ, સદર કામે આંક–૪૭થી પંચસાહેદ અરજણભાઇ ચોથાભાઇ ભરવાડને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ આંક–૩૯ વાળા મુદ્દામાલ રીકવરી પંચનામાના એકમાત્ર પંચ છે. સદર પંચનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેઓ સ્પષ્ટ જણાવે છે કે, **પોલીસ અધિકારીએ**

**<u>એક લખેલા કાગળ ઉપર તેમને સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી, પરંતુ કાગળમાં શું લખેલ હતુ ? તેની તેમને ખબર નથી કે, તેમની રૂબરૂમાં કોઇ વસ્તુ કબજે કરેલ હોય અથવા તો, કોઇ આરોપીની અટક કરેલ હોય તેમ બનેલ નથી.</u>** આ સંજોગોમાં, આંક–૩૯ વાળુ પંચનામુ પોલીસે સદર સાહેદની હાજરીમાં કરેલ હોય કે, સદર પંચનામાની વિગતો સાહેદે પોલીસને લખાવેલ હોય તેવી હકીકતને લેશમાત્ર સમર્થન મળતુ નથી અને તેથી, ફરીયાદ પક્ષનો કેસ ખૂબ જ મજબૂત રીતે શંકામાં જાય છે.

(૧૭) વધુમાં, ફરીયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, તથા ૫૦૬(૨) મુજબના આવશ્યક તત્વો ધ્યાને લેવા અનિવાર્ય છે, જે નીચે મુજબ છે.

**કલમ–૩૨૩. <u>સ્વેચ્છાપુર્વક વ્યથા કરવા માટે શિક્ષા</u>.**

*જે કોઇ વ્યકિત, કલમ–૩૩૪માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એકહજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.*

**કલમ–૩૨૪. <u>ભયંકર હથિયાર કે, સાધનો વડે સ્વેચ્છાપુર્વક વ્યથા કરવા બાબત.</u>**

*જે કોઇ વ્યકિત, કલમ–૩૩૪માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, ગોળી છોડવાના, ભોંકવાના કે કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મોત નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે, કોઇ તપાવેલા પદાર્થ વડે અથવા કોઇ ઝેર કે, ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઇ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે, ગળી જવાથી તે લોહીમાં ભળવાથી માનવ શરીરને નુકસાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઇ પશુ મારફત સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.*

**કલમ–૩૨૫. <u>સ્વેચ્છાપુર્વક મહાવ્યથા કરવા માટેની શિક્ષા</u>.**

*જે કોઇ વ્યકિત, કલમ–૩૩૫માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપુર્વક મહાવ્યથા કરે, તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.*

**કલમ–૫૦૬. <u>ગુનાહિત ધમકી માટેની શિક્ષા</u>.**

*જે કોઇ વ્યકિત, ગુનાહિત ધમકી આપે, તેને બે વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.*

ઉપરોકત જોગવાઇ મુજબ સ્વેચ્છાપુર્વક વ્યથા કે, ભયંકર હથિયાર કે સાધનો વડે સ્વેચ્છાપુર્વક વ્યથા કે, મહાવ્યથા કરવાનો તેમજ ગુનાહિત ધમકીનો ગુનો બનવા માટે હાલના આરોપીએ ફરીયાદીને સ્વેચ્છાપુર્વક વ્યથા કે, ભયંકર હથિયાર કે સાધનો વડે સ્વેચ્છાપુર્વક વ્યથા કે મહાવ્યથા કરેલ હોવાનું તેમજ ગુનાહિત ધમકી આપેલ હોવાનું સચોટ પુરાવાથી પુરવાર થવુ જોઇએ, એ આવશ્યક તત્વ છે ; આ તત્વનો અભાવ હોય તો, ગુનો બની શકે નહીં. હાથ પરના કેસમાં આ કામના આરોપીએ અગાઉ ફરીયાદી/ભોગ બનનારની વાડીમાં પપૈયા તથા બળતણની ચોરી કરેલ, જે બાબતે ફરીયાદીએ ઠપકો આપેલ, તેની અદાવત રાખી, બનાવ સમયે અને સ્થળે, આ કામના ફરીયાદી પોતાનું ટ્રેકટર લઇને આવતા હતા ત્યારે, આરોપીએ કુવાડીના બે ઘા ફરીયાદીના પગના ભાગે મારી, જમણા પગે ફ્રેકચર કરી, ગંભીર ઇજા કરી, મુંઢ ઇજા કરી, જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવો કોઇ સચોટ કે નિ:શંક પુરાવો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતા, જણાતુ નથી અને તેથી, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો આચરેલાનું અનુમાન થઇ શકે તેમ નથી.

(૧૭.૧) <u>અહીં ખાસ નોંધવાનું કે, સદર કામે રજુ આંક–૪૦થી રજુ હથિયારબંધીના જાહેરનામા સંદર્ભે અધિક જિલ્લા મેજિ.સા.શ્રીની કચેરી–ભાવનગરના કોઇ અધિકૃત અધિકારી/કર્મચારીને ફરીયાદ પક્ષ ધ્વારા રેકર્ડ પર તપાસવાની લેશમાત્ર દરકાર કરવામાં આવેલ નથી</u>.

(૧૮) આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા પરથી ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપીએ અગાઉ

ફરીયાદી/ભોગ બનનારની વાડીમાં પપૈયા તથા બળતણની ચોરી કરેલ, જે બાબતે ફરીયાદીએ ઠપકો આપેલ, તેની અદાવત રાખી, બનાવ સમયે અને સ્થળે, આ કામના ફરીયાદી પોતાનું ટ્રેકટર લઈને આવતા હતા ત્યારે, આરોપીએ કુવાડીના બે ઘા ફરીયાદીના પગના ભાગે મારી, જમણા પગે ફ્રેકચર કરી, ગંભીર ઈજા કરી, મુંઢ ઈજા કરી, જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગર ના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ. વધુમાં, ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હા મુજબનું તહોમત એટલે કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્ધા નંબર–૧નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદ્ધા નંબર–૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

**૧.** આ કામના આરોપીને સી.આર.પી.સી. કલમ–૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા પાત્ર ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્ધામાલનો અપીલ સમય વીત્યે, નાશ કરવો.

**૩.** આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ–૨૧, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)**
એડિશ્નલ ચીફ જયુડિ.મેજિ.–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૦૮૮૮).

એચ.બી.જોષી.